શ્રી દેવરાજસિંહ ઝાલા અને શ્રીમતી શ્રદ્ધાદેવી ઝાલાની સુપુત્રી સૌ. કાં. કેસરનાં લગ્ન.

બેલાર્ડ પિયરના બિઝનેસ હાઉસ 'દેવ કૉર્પોરેશન'ના અગિયારમા માળે એક વિશાળ ચેમ્બરમાં બે હાથની વચ્ચે રહેલી એક કંકોતરીનાં પાનાં આંગળીઓ એક પછી એક ઊથલાવી રહી હતી.

સંગીતસંધ્યા, કૉકટેઇલ ઍન્ડ ડિનર, ગરબા, મેંદી, અંતાક્ષરી...

સાત દિવસના કાર્યક્રમ સાત કાર્ડમાં છપાયા હતા. કંકોતરીના કાગળ અને એનું છપાઈકામ જોતાં સ્પષ્ટપણે સમજાતું હતું કે એક કંકોતરીની કિંમત પંદરસો રૂપિયાથી ઓછી નહીં જ હોય. ખાદી સિલ્કના હૅન્ડમેડ પેપર પર એમ્બોઝ કરેલા કલાત્મક અક્ષરો આકર્ષક રીતે ગોઠવાયા હતા.

કંકોતરીની સાથે દરેક અવસરને અનુરૂપ જાણીતા ચિત્રકારોનાં ગણપતિનાં ચિત્ર હતાં. રેશમી દોરી અને અસલ જરીનાં ફૂમતાં એ કંકોતરી કાયમ માટે સાચવી રાખવી ગમે એવી કલેક્ટર્સ આઇટેમ હતી.

"ના, આ તો નહીં ચાલે." દેવરાજસિંહ ઝાલાએ અબનૂસના લાકડામાંથી બનાવેલા વિશાળ ટેબલ પર કંકોતરી પછાડી.

"પણ સર..." સામે હાથ બાંધીને ઊભેલા તેના કર્મચારી મનોજ ચાવલાએ ખૂબ ધીમા અને બની શકે એટલા સંયત અવાજે કહ્યું, "પાંચ હજાર પીસ છપાઈને આવી ગયા છે."

"સો વ્હૉટ? ફેંકી દો દરિયામાં, બાળી નાખો. આઇ ડોન્ટ કૅર." દેવરાજસિંહ ઝાલાના ચહેરા પર એક રેખા પણ બદલાઈ નહીં. "મારી એકની એક દીકરીનાં લગ્ન છે. નાનકડી ભૂલ પણ હું નહીં ચલાવી લઉં."

"બહુ માઇલ્ડ કલર ડિફરન્સ છે, સર... એટલા માટે થઈને..." મનોજે ડરતાં ડરતાં ધીમેથી પોતાની વાત કહેવાનો પ્રયત્ન કર્યો. "ઓરિજિનલ ચિત્રોની સાઇઝ ઘટે એટલે નાનકડો કલર ડિફરન્સ તો આવે."

"નાનકડી તો નાનકડી, ભૂલ છે ને?"

મનોજ એ પ્રભાવશાળી માણસની સામે જોઈ રહ્યો. કેવી રીતે સમજાવવું આને કે મૂળ ચિત્ર અને પ્રિન્ટિંગમાં ફેર તો રહેવાનો જ, પણ એ કશું બોલ્યો નહીં.

મનોજ મૌન રહ્યો એટલે દેવરાજસિંહ ઝાલા સહેજ ઉશ્કેરાયા. "મારી દીકરી કોની સાથે પરણે છે ખબર છે? નિખિલ શ્રોફના દીકરા સાથે! મારી એકની એક દીકરી, એમના એકના એક દીકરા સાથે..."

આટલું કહી દેવરાજસિંહે આંગળી અને અંગૂઠો એકઠો કરી જાણે કૅરમના સ્ટ્રાઇકરને ધકેલતા હોય એમ કંકોતરીને આગળ ધકેલી. કંકોતરી સરકીને ટેબલ પરથી નીચે પડી. "અપ્રૂવ કરી છે એ જ કંકોતરી જોઈએ મને, સમજ્યા?"

મનોજે નીચા નમીને કંકોતરી ઉપાડી લીધી. ચૂપચાપ કંકોતરી લઈને એ બહાર નીકળી

ગયો. આમ પણ દેવરાજસિંહ ઝાલાની સામે કશું બોલવાની કે દલીલ કરવાની કોઈની હિંમત જ નહોતી.

આ પહેલાં કેટરર, ડેકોરેટર અને વેડિંગના થીમ ઑર્ગેનાઇઝર્સના અનેક પ્લાન્સ-અનેક ડિઝાઇન્સને એમણે વારંવાર નકાર્યાં હતાં. દેવ કૉર્પોરેશનના સ્ટાફમાંથી અડધોઅડધ સ્ટાફ આ લગ્નની પાછળ ગાંડો ગાંડો થઈ ગયો હતો.

વિશ્વભરમાંથી ઉત્તમ ડેકોરેટર, સ્પેશિયલ લાઇટ ઇફેક્ટ્સના ડિઝાઇનર્સ ઉપરાંત કેટરર્સનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. મુલાકાતો ગોઠવાઈ હતી. જાત-જાતના ને ભાતભાતના વિચારો પર કેટલીયે ચર્ચાવિચારણા થઈ હતી.

એમ છતાં આ છેલ્લા ત્રણ મહિનામાં કેટલીયે વખત પ્લાન ગોઠવાયા અને કેટલીય વાર સાવ પલટાઈ ગયા. લગ્નનું સ્થળ ક્યાં રાખવું ત્યાંથી શરૂ કરીને કયું કામ કોને સોંપવું એની ચર્ચાઓ તો ચાલતી જ રહી, પરંતુ એક વાર કામ સોંપી દીધા પછી પણ દેવરાજસિંહ જંપીને બેસતા નહીં.

આમ દેવ કૉર્પોરેશનના મોટામાં મોટા આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટને પણ બે કે ત્રણ મુલાકાતમાં અંતિમ આકાર મળી જતો. દેવરાજસિંહ ઝાલાની નિર્ણયશક્તિ માટે એના સ્ટાફમાં અનહદ માન હતું. એ કોઈ પણ ડીલ ચપટી વગાડતાં ફાઇનલ કરી નાખતા. જો એક વાર સ્ટાફના માણસને કામ સોંપે તો એના પર આંખ મીંચીને વિશ્વાસ કરતા. ભાગ્યે જ સવાલ-જવાબ કરવાનો વારો આવે એવો એમનો સ્વભાવ હતો.

...પણ આ વખતે એમણે દીકરીના મૅરેજ-પ્લાનમાં સતત ફેરબદલ કરીને કામ કરનારાઓને પણ અકળાવી મૂક્યા હતા, કારણ હતું...

કેસર.

દેવરાજસિંહના દિલનો ટુકડો હતી કેસર, પણ લોકો અને સગાંવહાલાં અંદરોઅંદર વાતો કરતાં કે કેસર એક નંબરની લાડકી, મોઢે ચડાવેલી, જિદ્દી અને તોછડી હતી. જોકે દેવરાજસિંહને મોઢે આ વાત કહેવાની કોઈની હિંમત નહોતી. મિત્ર-સ્વજનોમાં 'દેવુભા' તરીકે ઓળખાતા દેવરાજસિંહ ઝાલા અસલ રાજપૂતી લોહી હતા. એમને રાજપૂત હોવાનું ગૌરવ હતું. એમના ઘરમાં રાજપૂતી સંસ્કાર અને મલાજાનું પૂરેપૂરું માન રાખવામાં આવતું.

સામાન્ય રીતે રાજપૂત કુટુંબોમાં દીકરીને થોડી દબાવીને, થોડી સખતાઈથી ઉછેરવામાં આવે. પરણીને જાય ત્યારે સામેના કુટુંબમાં ગોઠવાઈ જવામાં એને તકલીફ ન પડે એવાં તમામ શિક્ષણ અને સંસ્કાર દીકરીને સાવ નાનપણથી જ આપવામાં આવે. રાજપૂતી સમાજમાં દીકરી માટે 'પારકી થાપણ', 'સાપનો ભારો' વગેરે વગેરે સ્વાભાવિક રીતે વપરાતા શબ્દો હતા.

આમ છતાં કેસરને ખૂબ લાડકોડમાં ઉછેરવામાં આવી હતી.

જ્યોતિષીઓનું પણ કહેવું હતું કે કેસરનાં પગલાં આ ઘર માટે શુકનિયાળ હતાં. દેવુભાના ઘરમાં તે સાક્ષાત્ લક્ષ્મી થઈને અવતરી હતી.

દેવુભાનો દીકરો અભિમન્યુ જન્મ્યો ત્યારે દેવ કૉર્પોરેશન એક મધ્યમ પ્રકારની, ઠીક-ઠીક

નફો કરતી ઇન્ડસ્ટ્રીથી વધારે કશું નહોતું, પરંતુ કેસરના જન્મ પછી દેવ કૉર્પોરેશન આકાશને આંબવા માંડ્યું. અવિરત પ્રગતિ સાધતું દેવ કૉર્પોરેશન અચાનક જ મોટી કૉર્પોરેટ કંપનીમાં ગણાવા લાગ્યું. બિઝનેસ પર બિઝનેસ ઉમેરાવા લાગ્યા, વધવા લાગ્યા.

રાજપૂત-ખાનદાનની દીકરી હોવા છતાં દેવુભાએ લગભગ એને દીકરાની જેમ જ ઊછરવા દીધી હતી. ક્યારેક અભિમન્યુને ઓછું આવી જાય એટલી હદે કેસરના લાડકોડ પૂરા કરવામાં આવતા. કેસરના હોઠ પરથી હજુ શબ્દો સરે એ પહેલાં એની ઇચ્છા પૂરી થઈ જતી.

આવી કેસર આજે માતા શ્રદ્ધાબહેન સાથે લગ્નના શૉપિંગ પર આવી હતી. "હું તમને કેટલી વાર કહું? મને કંઈ રસ જ નથી. તમારે જે લેવું હોય તે લઈ લો, ને મારો જાન છોડો." કેસરે છણકો કર્યો.

"એમ નહીં દીકરા, તારે પહેરવાનું છે. તું પસંદ કરે તો સમજ પડે." શ્રદ્ધાએ સમજાવટથી કામ લેવાનું ચાલુ રાખ્યું.

"હું નથી પહેરવાની. મને આ બધું નથી ગમતું."

કેસરે ફરી છણકો કર્યો. ટાઇટ જીન્સ અને ચોકડીવાળું શર્ટ પહેરીને બેઠેલી કેસર છેલ્લા એક કલાકથી ત્રિભોવન ભીમજીના શો-રૂમમાં સૌનો સમય બગાડી રહી હતી.

દેવરાજસિંહ ઝાલાની લાડકી દીકરી કેસર પોતાનાં લગ્ન માટે ખરીદી કરવા આવી હતી એ વાત શો-રૂમ માટે મોટા ગૌરવની વાત હતી. સ્ટાફના ચાર માણસો એની તહેનાતમાં હતા. વ્હાઇટ ગોલ્ડ, પ્લૅટિનમ, જડાઉ, મીનાકારી, વિલંદી અને ફિનિશ્ડ ઈ-સર્ટિફિકેટના ડાયમંડ્સના દાગીના એની સામે ખડકી દેવામાં આવ્યા હતા. એક પછી એક માણસ ગળામાં પહેરીને, કાનમાં લટકાવીને કેસરને દાગીના બતાવી રહ્યા હતા, પણ હજી સુધી કેસરે કોઈ વસ્તુ પર હાથ નહોતો મૂક્યો. સ્ટાફના માણસો પણ કંટાળ્યા હતા. એની મા શ્રદ્ધાબહેનની ધીરજ પણ ધીમે-ધીમે ખૂટવા લાગી હતી. "પણ બેટા, તારે જોઈએ છે શું?"

"મુક્તિ!" કેસર ઊભી થઈ ગઈ. "તમને જે ગમે એ લઈ લો. મને આ બધામાં કોઈ ઇન્ટરેસ્ટ નથી. કંટાળો આવે છે મને ખરીદી કરવામાં."

જીન્સના ફ્રન્ટ પૉકેટમાં હાથ નાખીને એ ઊભી રહી. આમતેમ નિહાળતી, એકદમ અલ્લડ, બિનધાસ્ત.

શો-રૂમના માલિક છેલ્લા એક કલાકથી આ તાલ જોતા હતા. આખરે એ ઊભા થઈને નજીક આવ્યા. "બેટા, તમને શું ગમે છે? તમે કહો એ બતાવીએ." ઝવેરીભાઈએ કેસરને ધ્યાનથી જોઈ.

કાનમાં એક-એક સોલિટેરનાં ટૉપ્સ સિવાય એના શરીર પર કોઈ દાગીનો નહોતો. મુંબઈની લોકલ ટ્રેનમાં પ્રવાસ કરતી હોય તો કેસરને જોઈને કોઈ કહી ના શકે કે એ દેવરાજસિંહ ઝાલાની દીકરી હશે! બીજા બિઝનેસમૅન–ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ્સ, ફિલ્મસ્ટાર્સની દીકરીઓ અહીં ખરીદી કરવા આવતી. એમની પસંદ-નાપસંદ, નાઝ-નખરાં અને લાડ જોઈ ચૂકેલા ઝવેરીભાઈ આ છોકરીને જોઈને ખરેખર નવાઈ પામી ગયા.

"મને તો કંઈ નથી ગમતું."

"જુઓ ને, ક્યારની સમજાવું છું." શ્રદ્ધાએ મદદની આશાએ ફરિયાદ કરી.

"આજના જમાનાનાં છોકરાંઓ છે." ઝવેરીભાઈ હસ્યા. "એમને જે ગમે એ જ કરે!"

"પણ, એમ કઈ રીતે ચાલે? લગ્ન લઈને બેઠાં છીએ. સત્તર કામ હોય. ગઈ કાલે ટ્રોઝોં માટે ત્રણ ડિઝાઇનર આવ્યા ત્યારે બેડરૂમનું બારણું બંધ કરીને ઊંઘી ગઈ તે ઊઠી જ નહીં."

"કેમ, બેટા?" ઝવેરીભાઈએ શ્રદ્ધાબહેનને સારું લાગે એટલા ખાતર કેસરની સામે જોઈને અમસ્તી જ ટકોર કરી.

કેસરે જવાબમાં ખભા ઉલાળ્યા. "હું Fજાઉં છું. તમને જે ગમે એ લઈ લેજો." આટલું માને કહીને કેસર સાચે જ જવા લાગી. "અંકલ એમને બેસ્ટ બતાવજો, હોં."

શો-રૂમનો ગ્લાસ ડૉર ખોલીને એ બહાર નીકળી ગઈ અને શ્રદ્ધાબહેન લગભગ ડઘાયેલી હાલતમાં એને જોતાં રહ્યાં.

•

શ્રદ્ધાબહેનને ક્યારેક ચિંતા થતી. દેવરાજસિંહ જે રીતે કેસરને ધાર્યું કરવા દેતા હતા એ રીતે કેસર એના સંસારમાં ગોઠવાઈ નહીં શકે એવો ભય એમને સતત સતાવતો.

"તમે ખોટું કરો છો." દેવુભાનાં પત્ની શ્રદ્ધાબહેન એમને ટોકતાં. "પરણીને પારકે ઘરે જવાની છે. તમે તો જાણો છો, તમારી જ્ઞાતિમાં..."

"હું એને રાજપૂત ઘરમાં નહીં પરણાવું." દેવુભાએ નિર્ણય કરી લીધો હતો. "તું ક્યાં રાજપૂત છે?"

શ્રદ્ધાબહેન રાજપૂત નહોતાં. એ જૈન વેપારીનાં દીકરી હતાં. દેવુભાના સસરા મણિલાલ સંઘવી જૈન જ્ઞાતિમાં એમની સખાવત અને ભલમનસાઈ માટે જાણીતા હતા. મણિલાલ શેઠ પત્નીના અકાળ અવસાન પછી ધર્મમાં ઓતપ્રોત થઈ ગયેલા. પોતાની દીકરી શ્રદ્ધાને એકલા હાથે ઉછેરી હતી. જ્ઞાતિના કેટલાય છોકરાઓ એમના ખર્ચે ભણતા, મુંબઈ આવીને ધંધો શરૂ કરતા અને ગરીબ ઘરની દીકરીઓ એમના કરિયાવરથી સાસરે પહોંચીF હતી.

"તારા બાપુજીને પહેલી વાર મળ્યો ત્યારે દેવરાજ નહોતો, દેવો હતો હું. ટિકિટોનાં કાળાબજાર કરતો. મરાઠા મંદિર, ઇમ્પિરિયલ, લેમિંગ્ટન, નૉવેલ્ટી, મિનરવા જેવાં થિયેટર્સમાં બ્લૅક માર્કેટનો બાદશાહ હતો હું, ને તોય તારા ભગવાન જેવા બાપુજીએ મને આ રાજપાટ સોંપી દીધાં."

દેવુભા જ્યારે પણ મણિલાલ શેઠની વાત કરતા ત્યારે એ ગળગળા થઈ જતા. "મારા બાપુજીને સાચા માણસની સમજ હતી."

શ્રદ્ધાબહેન હંમેશાં દેવુભાને આ ઉપકારની લાગણીમાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કરતાં રહેતાં. "તમે મારા બાપુજીના હજારો રૂપિયા ચોરાતા બચાવ્યા, જીવના જોખમે."

એક દિવસ ક્રૉફર્ડ માર્કેટમાં ઇધરઉધર કરીને ટાઇમપાસ કરી રહેલા દેવાએ મણિલાલ શેઠના હાથમાંથી ખેંચાતું ચામડાનું પાકીટ જોયું, 'ભૂખ્યો મરીશ તોય ચોરી નહીં કરું' એ સિદ્ધાંત પર

જીવતા દેવાએ ચોરની પાછળ દોડીને મણિલાલને એમનું નોટોથી છલોછલ ભરેલું પાકીટ પાછું લાવી આપ્યું. મણિલાલ સંઘવી એને પોતાને ઘરે લઈ આવ્યા. ચોપાટી પર વિલ્સન કૉલેજની બિલકુલ સામેની તરફ બધા રૂમોમાંથી દરિયો દેખાય એવો છ બેડરૂમનો ફ્લૅટ જોઈને દેવો લગભગ ડઘાઈ ગયો.

મણિલાલ શેઠે એની વિગતો પૂછી. કાળાબજારના અને પોતાનાં બીજાં કામોની પ્રામાણિકપણે કબૂલાત કરતાં દેવામાં તેમને હીર દેખાયું. તેમણે પોતાની ઑફિસમાં એને કામ આપ્યું. 'દેવા'માંથી પાછો 'દેવરાજ' બનાવ્યો.

દેવુભા હજીયે ભૂતકાળમાં જ પ્રવાસ કરી રહ્યા હતા. "સુરેન્દ્રનગરથી વગર ટિકિટે મુંબઈ પહોંચ્યો ત્યારે પંદર વર્ષનો હતો હું. ફૂટપાથ પર સૂવા માટે ભાડું ચૂકવવું પડે એવી મને અહીંયાં આવીને પહેલી વાર ખબર પડી. મરાઠામંદિર થિયેટરના ફૂટપાથ પર ભૂખ્યો-તરસ્યો હું બેભાન થઈ ગયો ત્યારે મને લાગ્યું કે જિંદગી અહીં પૂરી થઈ જશે." તેમની આંખો ભીની થઈ ગઈ.

"પણ તારા બાપુજીએ ભણાવીને એમ.એ. પાસ કરાવ્યું, અહીં સુધી પહોંચાડ્યો. એ દેવપુરુષનો તો જેટલો આભાર માનું એટલો ઓછો છે."

"તમારામાં લાયકાત જોઈ'તી તેમણે, ને તમે સાબિત કરી બતાવ્યું." શ્રદ્ધાબહેનની આંખો પતિ માટેના સન્માનથી ઊભરાતી હતી.

"જેલમાં જઈ આવેલા રખડુ છોકરાને ઘરમાં રાખ્યો એટલું જ નહીં, દીકરી પરણાવી."

પોતાના બેડરૂમમાં ઝૂલતા મણિલાલ સંઘવીના વિશાળ પોટ્રેઇટ સામે ઊભેલા દેવરાજસિંહનું પ્રતિબિંબ એની ફ્રેમના કાચમાં ઝળકતું હતું. સામે ફ્રેમમાં મઢાયેલા મણિલાલ સંઘવી જાણે દીકરીની વાતને ટેકો આપતા હોય એમ દેવુભા સામે જોઈને સંતોષનું સ્મિત કરી રહ્યા હતા.

દેવરાજસિંહ ઝાલા આજે તો બેલાર્ડ પિયર પર આવેલા દેવ કૉર્પોરેશનના બિલ્ડિંગમાં અગિયારમા માળે બેસતા થઈ ગયા હતા, પરંતુ મણિલાલ સંઘવીનું ઋણ એ ભૂલી શક્યા નહોતા.

પોતાની દીકરીની કંકોતરીમાંય નિમંત્રક તરીકે સ્વર્ગવાસી શેઠ મણિલાલ સંઘવીનું નામ લખવાનું એ ચૂક્યા નહોતા.

જોકે એ નામ હવે તેમની જિંદગીનો હિસ્સો બની ચૂક્યું હતું, કારણ કે મણિલાલ સંઘવી ફક્ત એમના સાહેબ કે શેઠ નહોતા રહ્યા. સમય જતાં એ દેવરાજસિંહના સસરા પણ બન્યા હતા. પોતાની દીકરી શ્રદ્ધા સાથે દેવરાજનાં લગ્ન કરાવી એને પોતાનો બધો ધંધો સોંપીને પાલિતાણા વસી ગયા હતા. દેવરાજના નસીબ આડેનું પાંદડું આમ એક ફૂંક મારતાં ઊડી ગયું હતું.

આજે દેવરાજસિંહ ઝાલા દેશના ટૉપટેનમાં પોતાનું નામ નોંધાવી ચૂક્યા હતા. દુનિયાભરમાં તેમનો વેપાર ચાલતો. ચા, લોખંડ, કપડું, કમ્પ્યૂટર, સ્પેરપાર્ટ્સનું ઉત્પાદન એમની કંપની 'દેવ કૉર્પોરેશન'માં થતું. 'દેવ કૉર્પોરેશન'ને એક્સપોર્ટ અને ક્વૉલિટી માટે અનેક ઍવૉર્ડ મળ્યા હતા. છેલ્લા થોડા વખતમાં એમણે જમીનો અને કન્સ્ટ્રક્શનમાં પણ ઝંપલાવ્યું હતું.